# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 04-11-2025** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

1. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં ઉચ્ચ સ્તરની બેઠકમાં માવઠાથી અસરગ્રસ્ત જિલ્લામાં ખેડૂતોની સ્થિતિની સમીક્ષા કરી
2. રાજ્યભરમાં આજથી વિશેષ સઘન સુધારણા – SIR પ્રક્રિયાનો પ્રારંભ
3. અમદાવાદમાં હયાતીના દાખલાના ડિજિટલ પ્રમાણપત્ર માટેના કેમ્પમાં કેન્દ્ર સરકારના એક હજાર જેટલા પેન્શનધારક જોડાયા
4. ગત ત્રણ વર્ષમાં 77 લાખથી વધુ મુલાકાતીઓએ અમદાવાદના અટલ બ્રિજની મુલાકાત લેતા 27 કરોડ રૂપિયાથી વધુની આવક
5. આગામી 10 નવેમ્બર સુધી રાજ્યમાં છૂટાછવાયા સ્થળ પર ગાજવીજ સાથે વરસાદની આગાહી.

-----------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# CM MEETING GANDHINAGAR

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં આજે ઉચ્ચ સ્તરની બેઠકમાં રાજ્યમાં કમોસમી વરસાદથી અસરગ્રસ્ત જિલ્લામાં ખેડૂતોની સ્થિતિની સમીક્ષા કરી. બેઠકમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ સુરત અને કૃષિમંત્રી જિતુ વાઘાણીએ ભાવનગરની મુલાકાત દરમિયાન ખેડૂતોના પાકના નુકસાનની માહિતી આપી. ઉલ્લેખનીય છે કે, મુખ્યમંત્રીએ પણ ગઈકાલે વરસાદથી અસરગ્રસ્ત જિલ્લાની મુલાકાત લઈ અસરગ્રસ્ત ગામના ખેડૂતોની સ્થિતિ જાણી હતી.

બેઠકમાં કૃષિ રાજ્યમંત્રી રમેશ કટારા, મુખ્યસચિવ એમ. કે. દાસ, મહેસૂલ વિભાગનાં અધિક મુખ્યસચિવ જયંતિ રવિ, કૃષિ વિભાગનાં અધિક મુખ્યસચિવ ડૉક્ટર અંજુ શર્મા સહિતના વરિષ્ઠ અધિકારીઓ જોડાયાં હતાં.

-------------

# CROP SURVEY STATE

રાજ્યભરમાં કમોસમી વરસાદથી ખેડૂતોના પાકને થયેલા નુકસાન અંગે ખેતીવાડી વિભાગ દ્વારા મોજણી એટલે કે, સરવે કરવામાં આવી રહ્યો છે. ભરૂચમાં માવઠાંથી પાક નુકસાનનો સરવે પૂર્ણ થયો છે. જિલ્લામાં બે લાખ પાંચ હજાર 454 હૅક્ટર વાવેતર પૈકી એક લાખ 89 હજાર 175 હૅક્ટર વિસ્તાર અસરગ્રસ્ત થયો છે. તેમાંથી 33 ટકા કે તેથી વધુ એક લાખ 35 હજાર 64 જેટલા હૅક્ટર વિસ્તાર નુકસાનગ્રસ્ત થયો છે. વહીવટી તંત્રએ સરવે માટે 355

ટુકડી બનાવી 654 ગામમાં સરવે કર્યો હોવાનું ખેતીવાડી અધિકારી કુલદીપ વાળાએ જણાવ્યું.

છોટાઉદેપુરમાં ખેતીવાડી વિભાગની 62 ટુકડીએ સાત તાલુકાના 845 અસરગ્રસ્ત ગામમાં પાક નુકસાનનો 100 ટકા સરવે પૂર્ણ કર્યો છે. આ અંગે ખેતીવાડી અધિકારી બી. એસ. પંચાલે વધુ માહિતી આપી.

(બાઈટઃ બી. એસ. પંચાલ, ખેતીવાડી અધિકારી, છોટા ઉદેપુર)

વડોદરા જિલ્લામાં 107 ટુકડીએ 668 ગામના અસરગ્રસ્ત વિસ્તારમાં પાક નુકસાનનો તાગ મેળવ્યો. સરવેની કામગીરી પૂર્ણ થતાં ખેડૂતોએ સંતોષ વ્યક્ત કર્યો. જિલ્લામાં ડાંગર, મગફળી, સોયાબિન અને કપાસ સહિતના પાકને નુકસાન થયાનું તારણ છે.

મહીસાગરમાં બામરોડા ગામમાં પાક નુકસાનના સરવેની હાથ ધરેયાલી કામગીરીની સ્થાનિક ખેડૂતોએ પ્રશંસા કરી હતી.

દાહોદમાં પણ જિલ્લા વહીવટી તંત્રની 110 ટુકડીએ 27 હજારથી વધુ હેક્ટર વિસ્તારનો સરવે પૂર્ણ કર્યો છે તેમ જિલ્લા ખેતીવાડી અધિકારી પી. આર. દવેએ જણાવ્યું.

-------------

# GNR SIR START

કેન્દ્રીય ચૂંટણી પંચના નિર્દેશ મુજબ રાજ્યભરમાં આજથી મતદાર યાદીનું વિશેષ સઘન સુધારણા – S.I.R. પ્રક્રિયા હાથ ધરાઈ છે. ગાંધીનગરમાં S.I.R. પ્રક્રિયાના પ્રાથમિક તબક્કા હેઠળ બારકોડેડ પત્રકનું પ્રિન્ટીંગ અને બૂથ સ્તરના અધિકારી – BLOને તાલીમ આપવાનું કામ પૂર્ણ કરાયું છે. જિલ્લાની પાંચેય વિધાનસભા બેઠક પર કુલ મળીને એક

હજાર 333 જેટલા BLOને સઘન તાલીમ અપાઈ છે. તેઓ આજથી આગામી ચાર ડિસેમ્બર સુધી ઘરેઘરે જઈ મતદારોનો સરવે કરશે તેમ જિલ્લા નાયબ ચૂંટણી અધિકારી જે. એન. પટેલે જણાવ્યું.

**(બાઈટઃ જે. એન. પટેલ, જિલ્લા નાયબ ચૂંટણી અધિકારી)**

-------------

# SIR- DISTRICT

મહેસાણામાં 28 ઓક્ટોબરથી 3 નવેમ્બર સુધી બુથ સ્તરના અધિકારી બી.એલ.ઓ. તાલીમ અપાઇ. આજથી શરૂ થયેલા વિશેષ સઘન સુધારણા- SIR પ્રક્રિયા હેઠળ આગામી એક મહિના સુધી બીએલઓ દરેક મતદારના ઘરે જઇ સરવે કરશે, તેમ મહેસાણા જિલ્લા કલેકટરે જણાવ્યું.

ડાંગ જિલ્લામાં SIR પ્રક્રિયા હેઠળ આહવા, વઘઇ અને સુબીર તાલુકાના બીએલઓ માટે તાલીમ કાર્યક્રમ યોજાયો.

વડોદરામાં કલેક્ટર ડો. અનિલ ધામેલિયાએ શહેરના અને પાદરા મતવિસ્તારની મુલાકાત લઇ નિરીક્ષણ કર્યું. SIR પ્રક્રિયાના પ્રથમ દિવસે બૂથ લેવલ ઓફિસરે બપોરે 4 વાગ્યા સુધીમાં ઘરે ઘરે જઇ 13 હજાર જેટલા ગણતરી પત્રકનું વિતરણ કર્યું.

-------------

# DLC CAMPAIGN AMDAVAD

સંચાર મંત્રાલય હેઠળના રાજ્યના ગુજરાત કન્ટ્રોલર ઓફ કમ્યુનિકેશન એકાઉન્ટ્સ  વિભાગ - CCA દ્વારા અમદાવાદના પાલડીમાં હયાતીના દાખલાનું ડિજિટલ પ્રમાણપત્ર – DLC કેમ્પ યોજાયો.

CCA કચેરી દ્વારા યોજાયેલી મહા શિબિરમાં સંચાર મંત્રાલય, કર્મચારી મંત્રાલય, સંરક્ષણ, રેલવે, આવકવેરા અને અન્ય કેન્દ્ર સરકારના અંદાજે એક હજાર જેટલા પેન્શનધારક જોડાયા હતા.

આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિતિ પેન્શન અને પેન્શનરોના કલ્યાણ વિભાગના સચિવ વી. શ્રીનિવાસને આ ઝૂંબેશને પેન્શનધારકો માટે ભારતની સૌથી મોટી પહેલ ગણાવી.

(બાઈટઃ વી. શ્રીનિવાસન)

-------------

# Ramshe Balak Khilshe Balak Abhiyaan

ગાંધીનગરના કલોલ વિધાનસભાના પલોડિયા ખાતેથી ભાજપના કાર્યકર્તા રિશિતા શાહે "રમશે બાળક, ખીલશે બાળક" અભિયાનનો પ્રારંભ કરાવ્યો.

આ અભિયાન અંતર્ગત પલોડિયા, રાંચરડા, નાંદોલી, વાયણાં, ઉનાલી, વાંસજડા, સહિતની આંગણવાડીઓના બાળકોને અંદાજિત 4

હજાર 500 થી વધુ રમકડાં અપાયા. આ પ્રસંગે ભાજપના કાર્યકર્તા રિશિતા શાહે ભૌતિક વિકાસની સાથે માનવીય સંવેદનાઓને ઉજાગર કરવી જરૂરી હોવાનું જણાવ્યું.

**(બાઇટ –રિશિતાબેન શાહ-ભાજપ કાર્યકર્તા )**

-------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# ATAL BRIDGE INCOME

**અમદાવાદમાં સાબરમતી નદી પર બનેલા પ્રતિકાત્મક અટલબ્રિજની ગત ત્રણ વર્ષમાં 77 લાખથી વધુ મુલાકાતીઓએ મુલાકાત લીધી છે. તેના કારણે મહાનગરપાલિકાને 27 કરોડ રૂપિયાથી વધુની આવક થઈ છે તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે. સાંભળીએ એક અહેવાલ.**

**(વૉઈસકાસ્ટઃ પ્રવેશ અડિએચા)**

*(.... પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 27 ઓગસ્ટ 2022ના રોજ સાબરમતી નદી પર અંદાજે 74 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલા અટલ બ્રિજને જાહેર જનતા માટે ખૂલ્લો મૂક્યો હતો. ત્યારથી અમદાવાદના લોકો સહિત દેશ–વિદેશના પ્રવાસીઓ માટે અટલ બ્રિજ આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. સાબરમતી રિવરફ્રન્ટ વિકાસ નિગમ લિમિટેડના આંકડા મુજબ, 31 ઓગસ્ટ 2022થી ઓક્ટોબર 2025 સુધીમાં 77 લાખ 71 હજાર 269 લોકોએ અટલ બ્રિજની મુલાકાત લીધી. તેના કારણે મહાનગરપાલિકાને 27 કરોડ 70 લાખ રૂપિયાથી વધુની આવક થઈ છે. આ વર્ષે પણ એપ્રિલથી ઓક્ટોબર સુધીમાં જ આઠ લાખ 50 હજારથી વધુ પ્રવાસી અટલ બ્રિજની મુલાકાતે આવ્યા છે. સાથે જ મહાનગરપાલિકાએ અટલ બ્રિજ પાછળ કરેલા કુલ ખર્ચના 37 ટકાથી વધુની રકમ વસૂલ થઈ ગઈ છે.*

*પ્રવેશ અડિએચા, આકાશવાણી સમાચાર, અમદાવાદ.)*

-------------

# SEBI seminar - Rajkot

રાજકોટ ખાતે મૂડીબજારના નિયમનકાર - સેબી દ્વારા 'જાગૃત નિવેશક સશક્ત નિવેશક' વિષય પર પરિસંવાદ યોજાયો. જેમાં રોકાણકારોને નાણાકીય આયોજન, સલામત વેપાર અને સાયબર છેતરપિંડીથી બચવા અંગે માર્ગદર્શન અપાયું.

નિષ્ણાતોએ રોકાણકારોને શેર, ફોરેન એક્સચેન્જ, કોમોડિટી ટ્રેડિંગ માટે કોઈ પણ વધુ વળતરના લાલચ કે ભ્રામક માહિતી પર વિશ્વાસ ન કરવા જણાવ્યું. સેબી સહિતની માન્ય સંસ્થા અને સત્તાવાર એકમ સાથે જ વેપાર કરવા પર વિશેષ ભાર મુકાયો. આ માટે સેબીની સત્તાવાર વેબસાઈટની મુલાકાત લેવા જણાવાયું હતું.

-------------

## Outreach Program

પત્ર સૂચના કાર્યાલય, અમદાવાદ દ્વારા ' વાર્તાલાપ' કાર્યક્રમ અંતર્ગત સાબરકાંઠાના હિંમતનગર ખાતે સરકારની વિવિધ યોજનાઓ તેમજ તાજેતરના યોજનાકીય બદલાવ અને નવા સંકલ્પો અંગે સંકલિત સંદેશાવ્યવહાર અને પ્રસાર કાર્યક્રમ યોજાયો.

તેના ભાગરૂપે શાળામાં વિદ્યાર્થીઓ સાથે ચર્ચાઓ દ્વારા વિવિધ યોજનાઓ કેવી રીતે નાગરિકોના જીવનમાં સકારાત્મક બદલાવ લાવે છે તેની માહિતી પ્રશ્નોત્તરી સ્પર્ધા દ્વારા અપાઈ. ઉપરાંત ઔદ્યોગિક તાલીમ સંસ્થા (ITI) ખાતે સમૂહ ચર્ચા તથા વિષય સંબંધિત ચિત્ર સ્પર્ધા પણ યોજાઇ. સાથે જ  એક પેડ મા કે નામ' અંતર્ગત વૃક્ષારોપણ, તથા પોષણ અભિયાન હેઠળ વિવિધ પ્રવૃત્તિઓ પણ હાથ ધરાઇ.

-------------

## WEATHER FORECAST

હવામાન ખાતાએ આગામી 10 તારીખ સુધી રાજ્યમાં છૂટાછવાયા સ્થળ પર ગાજવીજ સાથે વરસાદની આગાહી કરી છે. ખાસ કરીને પૂર્વ અને મધ્ય ગુજરાતના જિલ્લાઓમાં અને સૌરાષ્ટ્ર તથા કચ્છના દક્ષિણ ભાગ, દરિયાકાંઠાના વિસ્તાર તથા પશ્ચિમ કચ્છના વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદ થઈ શકે છે તેમ હવામાન ખાતાના નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું.

-------------

# Railway Pention Adalat

પશ્ચિમ રેલ્વેના અમદાવાદ પ્રભાગમાં આગામી 15 ડિસેમ્બરે પેન્શન અદાલત યોજાશે.

અમદાવાદ પ્રભાગમાંથી રેલ્વે સેવામાંથી નિવૃત્ત થયેલા કર્મચારીઓ તેમની ફરિયાદ આગામી 21 નવેમ્બર સુધી મોકલી શકશે. આ ફરિયાદો ડિવિઝનલ રેલવે મેનેજર ઑફિસ, અમદાવાદ ડિવિઝન પશ્ચિમ રેલવે, જીસીએસ હૉસ્પિટલ ની સામે અમદુપુરા અમદાવાદ ખાતે મોકલવાની રહેશે, એમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

-------------

# AMDAVAD BOOK FAIR

અમદાવાદમાં આગામી 13 તારીખથી આંતર-રાષ્ટ્રીય પુસ્તક મેળા 2025નો પ્રારંભ થશે. મહાનગરપાલિકા દ્વારા આગામી 23 તારીખ સુધી પાલડીમાં રિવરફ્રન્ટ ઇવેન્ટ સેન્ટર ખાતે આ મેળો યોજાશે. તેમાં રાષ્ટ્રીય સ્તરના ખ્યાતનામ વક્તાઓ ઉપસ્થિત રહેશે. આ સાથે જ મુલાકાતીઓ માટે લેખક મંચ, પ્રજ્ઞા શિબિર, જ્ઞાનગંગા, રંગમંચ, અભિકલ્પ સહિતના આકર્ષણ ઉપલબ્ધ રહેશે.

-------------